GSECL

GMDC
FUELING THE GROWTH

# અરુણોદય


સપ્ટેમ્બર- ૨૦૨૪

અંક – ૬૧



સંપાદકીય બોર્ડ
- શ્રી એચ.જી. દવે
- શ્રી એસ.જે. મહેતા
- શ્રી એમ.એમ.ઠક્કર
- શ્રી પી.ટી.પઢેરીયા


## અનુક્રમણિકા


- ઝેરના પારખાં.....
- ડો. બેટી
- અંગદાન એ મહાદાન હવે બનશે જન અભિયાન
- ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણન
- પ્રતિભાશાળી વ્યકિતત્વો
- શિવાવતાર
- असली देशभक्ति क्या है?
- યજ્ઞ વિજ્ઞાન
- શાળાની પ્રવૃત્તિઓ






ડિઝાઈનઃ– એમ.એમ.ઠક્કર(મા.શિક્ષક) ૯૦૯૯૯૫૨૪૦૧

સર્વે જીએમડીસી , જીએસઈસીએલ કર્મચારી ભાઈઓ-બહેનો , શિક્ષકમિત્રો તથા વિદ્યાર્થીઓ સૌને સાદર વંદન ‘‘અરૂણોદય’’ સપ્ટેમ્બર-૨૦૨૪ ,અંક-૬૧ ને આપ સર્વની સમક્ષ રજુ કરતાં ખૂબ ખૂબ હર્ષની લાગણી અનુભવું છું.

તંત્રી સ્થાનેથી સર્વેને હું આ અરૂણોદય અંકમાં આપ દ્વારા કોઈપણ લેખ આપવામાં આવશે તો તે સ્વીકાર્ય રહેશે. જેથી આજના આ ઓનલાઇન જમાનામાં સુંદર લેખો વાંચવા માટે અને લખવા માટે કર્મચારીઓ તથા તેમના આશ્રિતો પ્રેરિત થશે અને વધુમાં વધુ લેખો આપણે આ અંકમાં સમાવી શકીશું.

તંત્રી

# ઝેરના પારખાં.....




હરિસિંહ સોઢા
અન્ડર સેક્રેટરી,
નર્મદા, જળ સંસાધન,
પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
સચિવાલય-ગાંધીનગર
(ભૂતપૂર્વ વિદ્યાર્થી)


કાવા-દાવાઓનું કાર્બન છોડે,પાખંડોનો છે આ દોર
માણસ નામનું મશીન મીંઢું,ઓકયાં કરે છે ધીમું ઝેર
શંકાઓની સગડી પેટાવી,સત્યને શેકે ધીમી આંચે
સાચવીને સુંઘજો મુસાફર,આ ધોખાની ધુમ્રસેર છે !
તત્વજ્ઞાનનો તાવડો માંડીને,શિખામણ ટીપે કોરે કોર
વાતડાહ્યાં વડાં ઉતારે,હાથમાં ચમચા ફરે છે હર્ષભેર
મહત્વાકાંક્ષાઓનું માંહે મોણ,નિંદારસ કેવું ઝમઝમે!
જાળવીને જમજો મુસાફર,આ ભ્રમણાઓની ભેળ છે
ભયમાં ભજે ભાવે હરિને,વણકથ્યા રાખે વ્હાલો વેર
લેબલ લગાડયા લાલ કિતાબી,તોય ભાઈ ઠેરના ઠેર
આંખમાં આંજી પીળી સાહી,જગકાજી સર્વને જાંચે
કાગડા કાળા સારા મુસાફર,આ તો કાચિંડાનો કેર છે
બે દિવસનું જીવન,દોડે છે સાલું દિવાસ્વપ્નોનું શહેર
ગરજ સરે વૈદ વેરી,અમો પછી કોઈની ન રાખીએ ખેર
કરવત લઈને બેઠાં કારીગર, હૈયાં કાપી ટાંગે વીજતારે
બંધમુઠ્ઠીએ દોડજો મુસાફર,એક સાંધો ત્યાં તૂટે તેર છે
દુશ્મનોને હજો દુઆ,આંહી મિત્રોની છે અહો! મહેર
પાણીમાંથી અગ્નિ પેટાવી,કરે કેવું કરતબોથી કહેર?
સિંદરી માં સાપ દેખાડે,કાંચડિયો બનાવે ભરબજારે
મૂકો સઘળી માયા મુસાફર, શૂન્યમાં લીલા લહેર છે !
માણસ નામનું મશીન મીંઢું,ઓકયાં કરે છે ધીમું ઝેર



# ડૉ. બેટી



Chanchu Rekhaben J.
Secondary teacher Eng.med.

19મી સદીમાં ઘણા કુરીવાજો હતા એમાંનો એક હતો દિકરીને દૂધપીતી કરવાનો કુરીવાજ . એ સાંભળીયે ત્યારે આપણને એમ થાય કે એક જીવની સાથે પોતાના જ પરિવારજનો આવુ થતા કેવી રીતે જોઈ શકે ? . સમય જતા સમાજમાં એક શિક્ષિત વર્ગ ઉભો થયો જેમણે આવા કુરિવાજો સામે અવાજ ઉઠાવ્યો અને ધીમે ધીમે આવા કુરિવાજો નાબૂદ થયા. એવા કુરિવાજો તો બંધ થયા પરંતુ દિકરીઓ માટે અને સ્ત્રીઓ માટે સમાજનો જે અભિગમ છે એ બદલાયો નથી. દૂધપીતી કરવાનો કુરિવાજ બંધ કરાયો પરંતુ બંધ બારણે ભ્રુણહત્યાની શરૂઆત થઇ. એના માટે પણ સરકારે કાયદો બનાવવો પડયો છતાં એને આપણે સંપૂર્ણ પણે નાબૂદ કરી શક્યા નથી. હવે સવાલ એ થાય કે સ્ત્રીની સલામતીને લઇને જ કાયદા કેમ બનાવવા પડે છે ? જે સંસારનો આધાર છે એ દિકરી શું સરકારની જવાબદારી છે ? એ સમાજની જવાબદારી નથી ? બેટી બચાવો , બેટી પઢાઓ , દિકરી તો વ્હાલનો દરિયો , તુલસીનો ક્યારો પણ આ બધુ વાતોમાં જો પોતાના ઘેર પત્ની , બહેન કે દિકરી જ્યારે ગર્ભવતી હોય ત્યારે ભગવાનને સતત એક જ પ્રાર્થના કરતા હોય કે દિકરો આવે અને એમાંય જો દિકરીનો જન્મ થાય તો એકાદ દિવસ તો જમવાનુ પણ ના ભાવે ને હસ્તુ મોઢુ દુનિયાને દેખાડવાનુ . ત્યારે એમ થાય કે કેમ દિકરીયો માટે આવુ વલણ. એના માટે સ્ત્રી પ્રત્યેનો સમાજનો દ્રષ્ટિકોણ જવાબદાર છે. સમાજ સ્ત્રીને ભોગનું સાધન માત્ર સમજે છે. આપણી બહેન કે દિકરીને આપણે રોકટોક શામાટે કરવી પડે છે કારણકે આપણને ખબર છે કે પરસ્ત્રીને સમાજ કેવી દ્રષ્ટિથી જુએ છે. સ્ત્રી સન્માનની મોટી મોટી વાતો કરનારા આપણા ભારત દેશમાં સ્ત્રી કેટલી સલામત છે એ આપણે નિર્ભયા અને ડો. બેટીના કેસમાં જોયુ અને એટલે જ દિકરીનો જન્મ થાય ત્યારે પરિવારજનોની ચિંતા વધી જાય છે.

પહેલાના સમય કરતા શિક્ષિતવર્ગ થોડો મોકળો બન્યો દિકરીઓને ભણવવાની , જે તે કાર્યક્ષેત્રમાં જોડાવા દેવાની સ્વતંત્રતા આપી પણ સામે એક એવો રાક્ષસવર્ગ ઉભો થયો કે જેમના નીચ કૃત્યોથી તેમને કળિયુગના રાક્ષસ કહેવા યોગ્ય છે. દેશમાં કેટલા બળાત્કારના કેસો બને છે , એમાં કેટલાકતો સાવ નાની બાળકીઓ પર. છોકરીઓને ભણાવવા માતા પિતાએ એને મજબૂત બનાવી , સરકાર દ્વારા કેટલાક કાર્યક્રમો ચલાવી દિકરીઓને જાગૃત અને મજબૂત બનાવવા પ્રયત્નો કરવામાં આવ્યા. તો પરિણામ શું આવ્યુ ! જો દિકરી સામેવાળાની વાતને સમર્થન ન આપેતો એની ઉપર એસિડ એટેક અને ખૂલ્લેઆમ છરીના ઘા મારીને હત્યા કરવી , અપહરણ કરવુ , બળજબરી કરવી . નિર્ભયા રેપકેસ અને હાલમાં કલકતામાં ડો.

બેટી સાથે થયેલ કૃત્ય તો હચમચાવી નાખે એવા છે. એ સાંભળિયે ત્યારે એમ થાય કે દૂધપીતીનો કુરિવાજ સારો હતો. આવા કેસો બને ત્યારે આપણા પ્રશ્નનો જાણે જવાબ મળી જાય છે કે ભ્રુણહત્યા શામાટે થતી હશે ? કારણકે મા-બાપ દુનિયાને તો બદલી નહી શકે પણ પોતાની વ્હાલસોઈ દિકરીના ભવિષ્યમાં કંઈક આવુ બની જશે એવા ડરથી એને દુનિયામાં આવવા જ દેતા નથી. કલકત્તાની હોસ્પિટલની ઘટના બન્યા પછી સરકારે લેડીઝ મિડિકલ સ્ટાફને એનો  બચાવ કેવી રીતે કરવો એના તાલીમવર્ગો આપવાનુ શરૂ કર્યું તો શું સરકાર મેડિકલ કોલેજોમાં હવે ફરજીયાત કરાટેના વર્ગો શરૂ કરશે ? બધાજ ક્ષેત્રોમાં હવે અભ્યાસની સાથે સાથે સ્વરક્ષણની તાલીમ પણ લેવી પડશે ? ગમે તેવી તાલીમ આપશો છતાં કુદરતી બંધારણથી સ્ત્રી શારીરિક રીતે પુરુષો કરતા બળવાન નહી બની શકે અને એક પુરુષ પણ એકલાહાથે ત્રણથી ચાર જણાનો સામનો નથી કરી શકતો તો સ્ત્રી એકલા હાથે સામુહિક બળાત્કારનો સામનો કેવીરીતે કરશે ?  કળિયુગના રાક્ષસોતો એમના માટે રાક્ષસ શબ્દ પણ ઓછો પડે એવા કૃત્ય કરે છે. એના માટે તો કાયદા જ એવા બનાવો કે પરસ્ત્રી સામે કુદૃષ્ટિ કરતા પહેલા નશામાં પણ માણસ ભૂલે નહી કે શું હાલત થશે. સમાજની જવાબદારી છે કે દિકરીઓને સમાજમાં જન્મવા દેવી હોય તો પોતાના દિકરાઓને યોગ્ય કેળવણી આપે , એનામાં સ્ત્રી સન્માનની ભાવના વિકસાવે , સ્ત્રીની કદર અને આદર કરતા શીખે. નહિતો એ સમય બહુ દૂર નથી કે 19મી સદીના કુરિવાજો પાછા આવી જશે મા-બાપ દિકરીઓને ભણાવતા ડરશે. નોકરી કરાવતા ડરશે અને ફરી સ્ત્રીઓ ઘરના રસોડા સુધી મર્યાદિત થઈ જશે. દિકરીને ડોકટર બનાવીને પણ જો મા-બાપને આવા અકલ્પનીય દિવસો જોવા પડેતો એના કરતા સ્ત્રી નિરક્ષર પણ સલામત રહેશે એ વધારે સારુ.

पहेले मे सिर्फ बेटी थी,
घरकी चार दिवालो मे पली थी,
तब मे बिलकुल सलामत थी |
पढी लीखी अब डो. बेटी हुं,
अस्पतालो की चार दिवालो मे मरी हुं,
अब मे डरी डरी हुं,
लगता हे पहेले ही मे सलामत थी |

દિકરીઓમાં આવીજ નિરાશા આવી જાય તે પહેલા સરકાર અને સમાજ યોગ્ય પગલા લે એ ઈચ્છનિય છે.



# અંગદાન એ મહાદાન હવે બનશે જન અભિયાન



**Dr. Parth Patel**
**Assistant Manager**
**Public Relations ,GMDC**

જન સેવા એ પ્રભુ સેવાની આપણી સાંસ્કૃતિક પરંપરા રહી છે. દધીચિ ઋષિએ પોતાના હાડકાનું દાન કરી હથિયાર બનાવી રાક્ષસોનો નાશ કરવામાં ઇન્દ્રને મદદ કરી હતી.ત્યાગ અને સેવાની અભિવ્યક્તિ આપણી સંસ્કૃતિ અને પરંપરાના કેન્દ્રમાં છે. અંગનું દાન મહાન છે, કારણ કે અંગ પ્રાપ્ત કરનાર વ્યક્તિ તેનાથી નવું જીવન મેળવે છે. આપણા દેશમાં એવા લાખો લોકો છે જેમને આવી જરૂરિયાત હોય છે અને આનાથી મોટું દાન બીજું કોઈ હોઈ શકે નહીં.માનવતા અને માનવીય મૂલ્યોનું સન્માન કરવાની બાબતમાં ભારત હંમેશાં અગ્રીમ હરોળમાં રહ્યો છે. તો પછી અંગદાન જેવું માનવતાનું કામ બીજું કયું હોઈ શકે!

જો કે પશ્ચિમી દેશોની સરખામણીએ ભારતમાં અંગદાનની બાબતમાં ભારે ઉદાસીનતા પ્રવર્તે છે, જેને માટે મોટે ભાગે ધાર્મિક માન્યતાઓ કારણરૂપ છે. વાસ્તવિકતા એ છે કે અંગદાન એ પુણ્યનું કામ છે. એક વ્યક્તિનાં વિવિધ અંગોનાં દાનથી કમ સે કમ સાત જણની જિંદગી બચાવી શકાય છે. જેમાં હૃદય, કિડની, લીવર, ફેફસાં, પેક્રિયાસ (સ્વાદુપિંડ) અને નાના આંતરડાનો સમાવેશ થાય છે. બ્રેઈન ડેડ થયેલી વ્યક્તિનું આ પ્રકારે અંગદાન કરી શકાય છે.સાયન્સ અને ટેક્નોલોજીના વિકાસ સાથે મેડિકલ ટ્રીટમેન્ટમાં આમૂલ ક્રાંતિ આવી રહી છે.અંગદાનથી અન્યનો જીવનદીપ ઝળહળી ઉઠે તેવા પરમાર્થના પથ પર સૌને સમજાવવા જરૂરી છે.

અંગદાન વિવિધ પ્રકારના છે જેમાં લાઈવ રિલેટેડ ડૉનેશન, લાઈવ એનરિલેટેડ ડોનેશન તેમજ ડીસીઝડ/ કેડેવર ઓર્ગન ડોનેશનનો સમાવેશ થાય છે. વ્યક્તિ બ્રેન ડેડ થાય અને તેનું સર્ક્યુલેશન કૃત્રિમ રીતે કરાઈ રહ્યું હોય ત્યારે શક્ય તેટલી જલદી તેનાં અંગો શરીરમાંથી કાઢી લેવાં જરૂરી છે, જ્યારે ટિસ્યુઝ 12 થી 24 કલાકની અંદર કાઢી શકાય છે.

એક સંશોધન પ્રમાણે ભારતમાં લગભગ દોઢ લાખ લોકોને કિડનીની જરૂર છે, પરંતુ તેમાંના ફક્ત 3000નેજ તે મળે છે. 90 ટકા લોકો કિડની મેળવ્યા વિના પ્રતીક્ષા યાદી પર હોય ત્યારેજ મૃત્યુ પામે છે તેવીજ રીતે ભારતની વાર્ષિક લીવર પ્રત્યારોપણની જરૂરિયાત 25,000 છે, પણ આપણે કેવળ 800 લીવરજ મેળવી શકીએ છીએ. મૃત્યુ બાદ દરેક જણ સંભવિત અંગદાન કરનારા બની શકે છે.

કોઈ પણ વ્યક્તિ 100 વર્ષની વય સુધી - આંખ અને ત્વચા, 70 વર્ષ સુધી - કિડની, લીવર, 50 વર્ષ સુધી - હૃદય, ફેફસાં અને 40 વર્ષની વય સુધી - હૃદયના વાલ્વનું દાન કરી શકે છે.હૃદય,કિડની,લીવર વગેરેના પ્રત્યારોપણ થકી દર્દીને નવજીવન આપવાના કિસ્સાઓ ઉત્તરોત્તર વધી રહ્યા છે.અકસ્માતમાં વ્યક્તિ મૃત્યુ પામે અગર બ્રેઈનડેડ જાહેર થાય ત્યારે તેના અંગોના દાન થકી જરૂરિયાતમંદ ને નવું જીવન મળી રહ્યું છે. સમાજમાં આવા અંગોના દાનના  કિસ્સા હવે ઘણા જોવા મળી રહ્યા છે. આ 'વિશિષ્ટ દાનવીરો' એ સમાજ

માટે ઘણું ઉપકારી કામ કર્યું છે. રાજ્ય સરકાર અને પ્રશાસન 'ગ્રીન કોરિડોર' પૂરું પાડી પોતાનું કામ કરી રહ્યા છે.તમે કરેલું અંગદાન કોઈના લાડકવાયા બાળકો, કોઈ પરિવારના મોભી, કોઈની માતાનું જીવન બચાવી શકે છે.

કિડની અને લિવરના દાન થકી માનવીય અસ્મિતાને ઉજાગર કરી સંસ્કૃતિના આંસુ લૂછતી અંગદાન કરનાર પરિવારજનોની સદવૃત્તિને વંદન-અભિનંદન.અંગદાનની દિશામાં વધુ જાગૃતિ ફેલાવી અંગદાનના દાનને એક જન આંદોલન બનાવીએ.અંગનું દાન એક વૃત્તિ અને પ્રવૃત્તિ બને. અંગદાનને એક ઉત્સવ બનાવવો જોઈએ.



# ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણન



પી.બી. પ્રજાપતી
ઉચ્ચ.માધ્યમિક શિક્ષક

જેમનો જન્મદિન 5 સપ્ટેમ્બર કે જે ભારતભરમાં શિક્ષકદિન તરીકે ઊજવાય છે તેવા રાધાકૃષ્ણન ખૂબ જ ઉમદા , ચારિત્ર્યવાન અને વિદ્વાન રાષ્ટ્રપતિ તરીકે પોતાની આગવી ઓળખ ધરાવતા હતાં.

એકવાર તેઓ અમેરિકાની યાત્રાએ ગયા. તે દિવસોમાં તેઓ ઉપરાષ્ટ્રપતિ હતા. ત્યાં તેમણે એક વિશ્વ વિધાલયમાં ભારતીય સંસ્કૃતિ , ધર્મ અને દર્શનશાસ્ત્ર પર વ્યાખ્યાન આપ્યું. જે સાંભળી અમેરિકાના લોકો ખૂબજ પ્રભાવિત થયા.

વિશ્વ વિધાલયના એક વિધાર્થીએ પછી તેમને કહ્યું, ‘ સર ! અમેં ચોપડીઓમાં વાંચ્યું છે કે ભારત સાપ, મદારી , જાદુગર અને બાવાઓનો દેશ છે. ત્યાં દરેક જગ્યાએ અંધવિશ્વાસ અને રૂઢિચુસ્તતા છે. જ્યારે તમે તો ભારતની પ્રશંસા કરો છો છેવટે આ અંતર કેવું?’

ડો. રાધાકૃષ્ણન અવિરત બોલ્યા. ‘ આ જાણકારી એ લોકો દ્વારા આપેલી છે, જે ભારતના વિરોધી છે. અગર જો તે ભારતનું તટસ્થ મૂલ્યાંકન કરતા હોત તો તેમને ખબર પડી હોત કે અમારે ત્યાં વેદ , પુરાણ , ઉપનિષદ , ગીતા , રામાયણ , મહાભારત જેવા સારા ગ્રંથો અને વિરકત સાધુ – સંન્યાસી અને માનવતાવાદી મૂલ્યો ચાલે છે. સારું શોધવા વાળાને સારું જ દેખાય છે. જ્યારે ખરાબ કરવા વાળાને દરેક જગ્યાએ માત્ર ગંદકી જ ગંદકી દેખાય છે.

વિધાર્થી તેમની વાત સાંભળી ખૂબ જ પ્રભાવિત થયો. ભારતીય સંસ્કૃતિ દુનિયામાં સર્વશ્રેષ્ઠ છે. આપણને તેના પર ગૌરવ હોવું જ જોઈએ.

5 સપ્ટેમ્બર શિક્ષકદિન ને આપણે પવિત્રતાથી ઊજવીએ . તે દિવસને દીન ન બનાવતાં તેની ગરિમા જાળવીએ સૌ શિક્ષક મિત્રોને શિક્ષકદિનની શુભેચ્છા.

# પ્રતિભાશાળી વ્યકિતત્વો



કુ. એન.વી. સોરઠીયા
ઉચ્ચ.માધ્ય.શિક્ષક



1) ભગવદ્‌ગીતા સ્વયં પરમાત્મા શ્રીકૃષ્ણએ કહેલાં વચનોનો ગ્રંથ છે. એમાં સામાન્ય માનવીને કેન્દ્રમાં રાખીને વાતો કહી છે. **ભગવદ્‌ગીતામાં શ્રી કૃષ્ણએ કહેયુ છે, 'હું સ્વયં તારી અંદર આવીને બેઠો છું.** નિર્ભયતાથી કર્મ કર્યે જા. સ્વયં ઈશ્વર મારી સાથે છે. મારી અંદર છે.બધા મનુષ્યોમાં એક જ ભગવાનનો વાસ છે. આત્મ વિશ્વાસથી આગળ વધ.

-- પાંડુરંગ શાસ્ત્રી આઠવલે



2) અત્યારે ભૈતિકવાદ ગમે તેટલો વધ્યો હશે ને વધશે છતાં સત્યવાત છે એ હંમેશને માટે રહી જ છે અને રહેવાની છે. જમાનાને લઈને અત્યારે ધર્મની ગૌણતા જેવું લાગે પણ **ભૈતિકવાદ એ વિનાશનું કારણ બને છે.** એનાથી કોઈ લાભ થયો નથી.

-- પ્રમુખ સ્વામી મહારાજ




3) **સમાજ સેવાનો અંશ અમારા કુટુંબમાં અવશ્ય છે.** મારી મા નો સ્વભાવ સેવાભાવી છે એમને થોડું વૈદું આવડતું એટલે બાળકો માટે અમુક પ્રકારની દવા આપતાં, જે સૂર્યોદય પહેલાં લેવી પડતી સવારે પાંચ વાગ્યાથી અમારે ત્યાં બાળકોની કતાર લાગતી, મારી માં ને પચાસેક દવાઓની ખબર હતી. અમારા ધરનું આવું વાતાવરણ હતું.

-- શ્રી નરેન્દ્ર મોદી



4) અમે એવરેસ્ટ ઉપર કે સાગર માથા પર વિજય મેળવ્યો એવા શબ્દોનો પ્રયોગ ક્યારેય કરતા નથી. આપણે જાણીએ છીએ કે **પર્વત સામે આપણી હેસિયત કેટલી ?** એક પર્વત સામે આપણે કીડી જેવા. આપણે તો પર્વતની પૂજા કરીએ છીએ અને જેની પૂજા કરીએ છીએ તેના ઉપર વિજય મેળવ્યો એવા શબ્દોનો પ્રયોગ આપણે કેમ કરી શકીએ ?

-- બચેન્દ્રી પાલ



5) સવારના 8:45 વાગ્યે અમે સમુદ્ર સપાટીથી 29035 ફીટની ઊચાઈએ હતા. સૌથી ઊંચા શિખર માઉન્ટ એવરેસ્ટ પર પહોંચવાનું મારું સ્વપ્ન સાકાર થયું. મેં **મનોમન ભગવાન શિવને પ્રાર્થના કરી સર્વત્ર અદ્‌ભૂત, અદ્વિતીય , અલૌકિક દિવ્યતા છવાયેતી હતી.** ' હું એનું વર્ણન કરી શકું એમ નથી. કેવળ અનુભવી શકુ છું.'

-- બાહોશ પોલીસ ઓફિસર અતુલ કરવાલ



# શિવાવતાર



પિયુષભાઈ આહીર
મોટીવેશન સ્પીકર
ભગુડા (મોગલ ધામ)

ભગવાન વિષ્ણુની જેમ મહાદેવે પણ અવતાર લીધો છે: ભગવાન નૃસિંહને શાંત કરવા માટે મહાદેવ શરભ સ્વરૂપમાં પ્રકટ થયા હતાં, હનુમાનજી અને અશ્વત્થામા પણ મહાદેવના અવતાર છે

શ્રાવણ મહિનામાં ભગવાન શિવની પૂજા કરવાની સાથે તેમની કથાઓ વાંચવાની અને સાંભળવાની પણ પરંપરા છે. ભગવાન શિવને લગતી ઘણી પ્રચલિત કથાઓ છે, કેટલીક વાર્તાઓ તેમના અવતાર સાથે સંબંધિત છે. વિષ્ણુની જેમ શિવે પણ અનેક અવતાર લીધા છે. શિવ પુરાણમાં ભગવાનના વિવિધ અવતારોની કથાઓ છે. જાણો ભગવાન શિવના કેટલાક ખાસ અવતાર વિશે...

શરભ અવતારે ભગવાન નરસિંહનો ક્રોધ શાંત કર્યો શરભ અવતારમાં ભગવાન શંકરનું સ્વરૂપ અડધાં મૃગ(હરણ) તથા શેષ શરભ પક્ષી (પુરાણોમાં વર્ણિત આઠ પગવાળું જંતુ જે સિંહ કરતાં વધુ શક્તિશાળી)નું હતું. આ અવતારમાં ભગવાન શંકરે ભગવાન નરસિંહનાં ક્રોધાગ્નિને શાંત કર્યો હતો. લિંગ પુરાણમાં ભગવાન શિવજીનાં શરભાવતારની કથા છે. એ કથા અનુસાર હિરણ્યકશિપુનો વધ કરવાં માટે ભગવાન વિષ્ણુએ નૃસિંહાવતાર લીધો હતો.

હિરણ્યકશિપુનાં વધ પશ્ચાત જ્યારે ભગવાન નરસિંહનો ક્રોધ શાંત ના થયો તો દેવતાઓ ભગવાન શિવજી પાસે પહોંચ્યા ત્યારે ભગવાન શંકરે શરભાવતાર લીધો અને તેઓ આજ રૂપમાં ભગવાન નરસિંહ પાસે પહોંચ્યા અને એમની સ્તુતિ કરી. પરંતુ ભગવાન નરસિંહનો ક્રોધાગ્નિ શાંત ના થયો તે ના જ થયો આ બધું જોઈને શરભરૂપી ભગવાન શિવ પોતાની પૂંછડીથી ભગવાન નરસિંહને લપેટી લીધા અને ઉડી ગયાં. તે પછી નૃસિંહજી શાંત થયા અને શરભાવતારની ક્ષમા માગી.

પિપ્પલાદ મુનિના નામનો જાપ કરવાથી શનિ દોષ દૂર થાય છે પિપ્પલાદ મુનિને પણ શિવજીનો અવતાર માનવામાં આવે છે. તેઓ દધીચિ ઋષિના પુત્ર હતાં. દધીચી પોતાના પુત્રને બાળપણમાં જ છોડીને જતા રહ્યા હતાં. એક દિવસ પિપ્પલાદે દેવતાઓને તેનું કારણ પૂછ્યું ત્યારે દેવતાઓએ કહ્યું કે શનિના કારણે આવો કુયોગ બન્યો હતો, જેના કારણે પિતા-પુત્ર અલગ થઈ ગયાં. આ સાંભળીને પિપ્પલાદે શનિદેવને નક્ષત્ર મંડળમાંથી પડવાનો શ્રાપ આપી દીધો.

શ્રાપના પ્રભાવથી શનિદેવ એ જ સમયે આકાશમાંથી પડવાં લાગ્યાં. દેવતાઓની પ્રાર્થના કરવાં પર પિપ્પલાદે શનિદેવને એ વાતે માફ કર્યા કે શનિ જન્મથી લઈને ૧૬ વર્ષની આયુ સુધી કોઈને નષ્ટ અહીં આપે. બસ ત્યારથી જ પિપ્પલાદનાં સ્મરણ માત્રથી શનિદેવની પીડા દૂર થઈ જાય છે. શિવ મહાપુરાણ અનુસાર સ્વયં ભગવાન બ્રહ્માજીએ આ અવતારનું નામકરણ કર્યું હતું

નંદી અવતાર શિલાદ મુનિ બ્રહ્મચારી હતાં. વંશ સમાપ્ત થતો જોઈને પિતાએ શીલાદને સંતાન પેદા કરવાનું કહ્યું. શિલાદે અયોનિજ અને મૃત્યુહીન સંતાનની કામનાથી ભગવાન શિવની તપસ્યા કરી ત્યારે

ભગવાન શંકરજીએ સ્વયં શીલાદને ત્યાં પુત્રનાં રૂપમાં જન્મ લેવાનું વરદાન આપ્યું. થોડાં સમય પછી ધરતી ખેડતાં ખેડતાં શિલાદને ધરતીમાંથી જન્મેલું એક બાળક મળ્યું શિલાદે એનં નામ નંદી રાખ્યું ભગવાન શંકરે નંદીને પોતાનો ગણાધ્યક્ષ બનાવ્યા. આ રીતે નંદી નંદીશ્વર બની ગયાં.

શ્રીકૃષ્ણએ અશ્વથામાને હંમેશા ભટકતા રહેવાનો શ્રાપ આપ્યો હતો


મહાભારતના સમયે દ્રોણાચાર્યના પુત્ર અશ્વત્થામાને ભગવાન શિવનો અવતાર માનવામાં આવે છે. દ્રોણાચાર્યે ભગવાન શિવને પુત્ર તરીકે મેળવવા માટે તપસ્યા કરી હતી. ભગવાન શિવે તેમને વરદાન આપ્યું હતું કે તેઓ તેમના પુત્ર તરીકે અવતાર લેશે. શ્રી કૃષ્ણએ અશ્વત્થામાના કપાળ પરથી રત્ન કાઢી નાખ્યું અને તેમને કળિયુગના અંત સુધી ભટકતા રહેવાનો શ્રાપ આપ્યો.

ભગવાન શિવે શ્રી રામની મદદ માટે હનુમાનનો અવતાર લીધો હતો.

ત્રેતાયુગમાં ભગવાન વિષ્ણુ રાવણને મારવા માટે રામનો અવતાર લેવાના હતા, તે સમયે બધા દેવતાઓએ રામની મદદ માટે વાંદરાઓનું રૂપ ધારણ કર્યું અને શિવે હનુમાનનું રૂપ ધારણ કર્યું. દેવી સીતાના આશીર્વાદના કારણે હનુમાનજી અમર છે એટલે કે હનુમાનજી ક્યારેય વૃદ્ધ નહીં થાય અને અમર રહેશે. હનુમાનજીની મદદથી જ શ્રી રામ દેવી સીતાને શોધી શક્યા અને રાવણનો વધ થયો.

અર્જુનનું અભિમાન તોડવા માટે ભગવાન શિવે કિરાત અવતાર લીધો હતો.

કિરાત અવતારમાં ભગવાન શંકરે પાંડુપુત્ર અર્જુનની વીરતાની પરીક્ષા લીધી હતી. મહાભારત અનુસાર કૌરવોએ છળકપટથી પાંડવોનું રાજ્ય હડપી લીધું હતું અને પાંડવોને વનવાસમાં જવું પડયું હતું. વનવાસમાં જયારે અર્જુન ભગવાન શંકરજીને પ્રસન્ન કરવાં માટે તપસ્યા કરી હતો ત્યારે દુર્યોધન દ્વારા મોકલેલો મૂડ નામનો દૈત્ય અર્જુનને મારવાં માટે સુઅરનું રૂપ ધારણ કરીને ત્યાં પહોંચ્યો. અર્જુને એ સુઅર પર પોતાનાં બાણનો પ્રહાર કર્યો બરાબર એ જ સમયે ભગવાન શંકરે પણ કિરાત વેશ ધારણ કરીને સુવર પર પોતાનું બાણ ચલાવ્યું. ભગવાન શિવજીની માયાને કારણે અર્જુન ઓળખી જ ના શક્યો અને એ સુઅરનો વધ એનાં જ બાણથી થયો છે એવું કહેવાં લાગ્યો. આ માટે ઉગ્ર વાદવિવાદ થયો વાત યુદ્ધ સુધી પહોંચી ગઈ. અર્જુને કિરાત વેશધારી ભગવાન શિવ સાથે યુદ્ધ કર્યું. અર્જુનની વીરતા જોઈને ભગવાન શિવજી પ્રસન્ન થયાં અને પોતાનાં વાસ્તવિક સ્વરૂપમાં આવી જઈને અર્જુનને કૌરવો પર વિજય પ્રાપ્ત કરવાં માટે આશીર્વાદ આપ્યાં. અર્જુનની આવી વીરતા જોઈને ભગવાન શિવજીએ અર્જુનને એક દિવ્યાસ્ત્ર પાશુપતાસ્ત્ર આપ્યું. ભગવાન શંકરે કહ્યું કે, આ પાશુપતાસ્ત્રનો ઉપયોગ એક જ વખત થઇ શકશે એટલે તું યોગ્ય સમયે જ એનો ઉપયોગ કરજે!



# असली देशभक्ति क्या है?

**Puneet Singh**
Overman,
Umarsar Lignite Project

जब हम स्वतंत्रता दिवस मनाते हैं, तो हम अक्सर अपने स्वतंत्रता सेनानियों के बलिदानों, संघर्षों और हमारे देश की स्वतंत्रता की अंतिम जीत पर विचार करते हैं। लेकिन आज, जब हम 21वीं सदी में खड़े हैं, तो सवाल उठता है: आधुनिक भारत में देशभक्ति का क्या अर्थ है? इस नए युग में भारत के नागरिकों में कौन से गुण होने चाहिए?

## देशभक्ति का अर्थ: केवल झंडे और नारों से परे

देशभक्ति केवल तिरंगा लहराने या 15 अगस्त को देशभक्ति गीत गाने तक सीमित नहीं है। जबकि ये कार्य हमारे देश के प्रति हमारे प्रेम का प्रतीक हैं, असली देशभक्ति इससे कहीं गहरी है। यह हमारे देश के मूल्यों और सिद्धांतों के प्रति आजीवन प्रतिबद्धता है—लोकतंत्र, विविधता, समानता, और न्याय। सच्ची देशभक्ति का अर्थ है देश के विकास के लिए हर दिन, छोटे-बड़े तरीकों से काम करना।

## आधुनिक भारतीय देशभक्त के गुण

### *1. ईमानदारी और सत्यनिष्ठा*

एक दुनिया में जहां तेजी से लाभ के लिए शॉर्टकट का सहारा लिया जाता है, सत्यनिष्ठा और ईमानदारी असली देशभक्ति की नींव हैं। एक देशभक्त नागरिक वह होता है जो सही के लिए खड़ा होता है, भले ही वह कठिन हो। वे अपने व्यक्तिगत जीवन में या सार्वजनिक सेवा में, जो भी कार्य करते हैं उसमें पारदर्शिता रखते हैं और सत्य के प्रति प्रतिबद्ध होते हैं।

### *2. सहानुभूति और करुणा*

भारत एक विविध देश है, जहां विभिन्न पृष्ठभूमियों, संस्कृतियों, और विश्वासों के लोग रहते हैं। एक सच्चा देशभक्त इस विविधता का सम्मान करता है और अपने सह-नागरिकों के प्रति सहानुभूति दिखाता है। वे समझते हैं कि हमारे देश की ताकत एकता में है।

### *3. शिक्षा और ज्ञान के प्रति प्रतिबद्धता*

शिक्षा एक प्रगतिशील समाज की नींव है। एक आधुनिक देशभक्त ज्ञान का मूल्य समझता है और आत्म-सुधार के लिए प्रयास करता है। वे न केवल अपनी शिक्षा के लिए बल्कि दूसरों की शिक्षा के लिए भी प्रतिबद्ध होते हैं। वे समझते हैं कि एक सूचित और शिक्षित जनसंख्या देश के विकास के लिए महत्वपूर्ण है।

### *4. पर्यावरणीय जिम्मेदारी*

21वीं सदी की चुनौतियों के लिए हमें पर्यावरण पर ध्यान देना जरूरी है। एक देशभक्त नागरिक प्राकृतिक संसाधनों के संरक्षण के लिए जिम्मेदारी लेता है, प्रदूषण को कम करने के लिए काम करता है, और टिकाऊ प्रथाओं का समर्थन करता है। वे समझते हैं कि देश का स्वास्थ्य ग्रह के स्वास्थ्य से जुड़ा हुआ है।

### *5. सक्रिय नागरिकता और भागीदारी*

एक सच्चा देशभक्त लोकतांत्रिक प्रक्रिया में सक्रिय रूप से शामिल होता है। वे अपने वोट के अधिकार का उपयोग करते हैं, रचनात्मक बहस में भाग लेते हैं, और नेताओं को जिम्मेदार ठहराते हैं। वे नागरिक कर्तव्यों को निभाने से नहीं कतराते, चाहे वह समुदाय में स्वयंसेवा करना हो या अन्याय के खिलाफ खड़े होना हो।

### *6. लचीलापन और अनुकूलता*

तेजी से बदलती दुनिया में, लचीलापन और अनुकूलता महत्वपूर्ण हैं। एक आधुनिक देशभक्त वह है जो चुनौतियों का सामना कर सकता है, नए परिस्थितियों के अनुसार खुद को ढाल सकता है, और आगे बढ़ता रहता है। वे परिवर्तन से डरते नहीं हैं, बल्कि इसे नवाचार और सुधार के अवसर के रूप में देखते हैं।

*7. सामाजिक न्याय के प्रति समर्पण*

स्वतंत्रता की लड़ाई केवल राजनीतिक स्वतंत्रता के लिए नहीं थी, बल्कि सामाजिक न्याय के लिए भी थी। 21वीं सदी में एक सच्चा देशभक्त इस लड़ाई को जारी रखता है, असमानताओं को समाप्त करने और यह सुनिश्चित करने के लिए काम करता है कि हर नागरिक, उनकी पृष्ठभूमि की परवाह किए बिना, बुनियादी अधिकारों और अवसरों तक पहुंच हो।

<u>निष्कर्ष: कल का भारत बनाना</u>

21वीं सदी में देशभक्ति केवल देश के प्रति प्रेम से अधिक है—यह भारत को बेहतर बनाने के लिए कार्रवाई करने के बारे में है। जब हम स्वतंत्रता दिवस मनाते हैं, तो याद रखें कि हमारी स्वतंत्रता उन लोगों द्वारा प्राप्त की गई थी जिन्होंने देश की सेवा के लिए अपना जीवन समर्पित किया था। आज, इसे आगे ले जाने की जिम्मेदारी हमारी है, ऐसे गुणों को अपनाकर जो इस सदी में भारत को फलने-फूलने में मदद करेंगे। सच्चे देशभक्त वे हैं जो न केवल अपने लिए, बल्कि हमारे देश के सामूहिक भले के लिए भी अथक परिश्रम करते हैं। आइए हम सभी ऐसे नागरिक बनने का प्रयास करें और एक ऐसे भारत के निर्माण में योगदान दें जिस पर हम सभी गर्व कर सकें।



# યજ્ઞ વિજ્ઞાન



**એમ.એ.ગોસ્વામી**
માધ્યમિક શિક્ષક

હિંદુ ધર્મમાં યજ્ઞની પરંપરા વૈદિક કાળથી ચાલી રહી છે. હિંદુ ધર્મ ગ્રંથોમાં મનોકામના પૂર્તિ તથા અનિષ્ટને ટાળવા માટે યજ્ઞ કરવાના અનેક પ્રસંગ મળે છે. રામાયણ અને મહાભારતમાં એવા અનેક રાજાઓનું વર્ણન મળે છે, જેમણે અનેક યજ્ઞ કર્યાં છે. દેવતાઓને પ્રસન્ન કરવા માટે પણ યજ્ઞ કરવાની પરંપરા છે. શાસ્ત્રો પ્રમાણે યજ્ઞની રચના સૌપ્રથમ પરમપિતા બ્રહ્માએ કરી હતી. યજ્ઞનું સંપૂર્ણ વર્ણન વેદોમાં મળે છે.

યજ્ઞનું બીજું નામ અગ્નિ પૂજા છે. યજ્ઞથી દેવતાઓને પ્રસન્ન કરી શકાય છે સાથે જ મનગમતું ફળ પણ પ્રાપ્ત કરી શકાય છે. બ્રહ્માએ મનુષ્ય સાથે જ યજ્ઞની પણ રચના કરી અને મનુષ્યને જણાવ્યું કે, આ યજ્ઞ દ્વારા જ તમારી ઉન્નતિ થશે. યજ્ઞ તમારી ઈચ્છિત કામનાઓ, જરૂરિયાતોને પૂર્ણ કરશે. તમે યજ્ઞ દ્વારા દેવતાઓને પ્રસન્ન કરો, તેઓ તમારી ઉન્નતિ કરશે. ધર્મ ગ્રંથોમાં અગ્નિને ઈશ્વરનું મુખ માનવામાં આવે છે. તેમા જે આહૂતિ આપવામાં આવે છે, હકીકતમાં તે બ્રહ્મભોજ છે. યજ્ઞના મુખમાં આહૂતિ આપવી, પરમાત્માને ભોજન કરાવવા સમાન છે. યજ્ઞમાં દેવતાઓની આવભગત થાય છે. ધર્મ ગ્રંથોમાં યજ્ઞનો ખૂબ જ મહિમા ગાવામાં આવ્યો છે. વેદમાં પણ યજ્ઞનો વિષય મુખ્ય છે. યજ્ઞથી ભગવાન પ્રસન્ન થાય છે.

યજ્ઞ સાથે જોડાયેલું વિજ્ઞાનઃ-

યજ્ઞ એક મહત્ત્વપૂર્ણ વિજ્ઞાન છે. તેમાં જે વૃક્ષની સામગ્રીઓનો ઉપયોગ કરવામાં આવે છે, તેમાં વિશેષ પ્રકારના ગુણ હોય છે. કેવા પ્રયોગ માટે કયા પ્રકારની સામગ્રી હોમવામાં આવે છે, તેનું પણ વિજ્ઞાન છે. તે વસ્તુઓના મિશ્રણથી એક વિશેષ ગુણ તૈયાર થાય છે, જે બળવાથી વાયુમંડળમાં વિશિષ્ટ પ્રભાવ પેદા કરે છે. વેદ મંત્રોના ઉચ્ચારણની શક્તિથી તે પ્રભાવમાં વધારો થાય છે. જે વ્યક્તિ તે યજ્ઞમાં સામેલ થાય છે, તેના ઉપર તથા વાયુમંડળ ઉપર તેનો મોટો પ્રભાવ પડે છે. વૈજ્ઞાનિકો અત્યાર સુધી કૃત્રિમ વરસાદ લાવવામાં સફળ થયા નથી, પરંતુ યજ્ઞ દ્વારા વર્ષાનો પ્રયોગ સફળ થાય છે. વ્યાપક સુખ-સમૃદ્દિ, વર્ષા, આરોગ્ય, શાંતિ માટે મોટા યજ્ઞોની

જરૂરિયાત પડે છે, પરંતુ નાના હવન પણ પોતાની સીમા અને મર્યાદાની અંદર વ્યક્તિને લાભ આપે છે.

હવન અને યજ્ઞમાં શું ફરક હોય છેઃ-

હવન, યજ્ઞનું એક નાનું સ્વરૂપ છે. કોઈપણ પૂજા કે જાપ વગેરે પછી અગ્નિમાં આપવામાં આવતી આહુતિની પ્રક્રિયા હવન સ્વરૂપે પ્રચલિત છે. યજ્ઞ કોઈ ખાસ ઉદ્દેશ્યથી દેવતા વિશેષને આપવામાં આવતી આહુતિ છે. તેમાં દેવતા, આહુતિ, વેદ મંત્ર, ઋત્વિક, દક્ષિણા જરૂરી હોય છે. હવન હિંદુ ધર્મમાં શુદ્ધિકરણનું એક કર્મકાંડ છે. કુંડમાં અગ્નિના માધ્યમથી દેવતાની નજીક હવિ(ભોજન) પહોંચાડવાની પ્રક્રિયાને હવન કહેવામાં આવે છે.

હવિ, હવ્ય કે હવિષ્ય તે પદાર્થ છે, જેની અગ્નિમાં આહુતિ આપવામાં આવે છે. હવન કુંડમાં અગ્નિ પ્રજ્જવલિત કર્યા પછી આ પવિત્ર અગ્નિમાં ફળ, મધ, ઘી, કાસ્ટ વગેરે પદાર્થોની આહુતિ મુખ્ય છે. એવું માનવામાં આવે છે કે જો તમારી આસપાસ કોઈ ખરાબ આત્માનો પ્રભાવ હોય તો હવન પ્રક્રિયા તેનાથી તમને મુક્તિ અપાવે છે. શુભકામનાઓ, સ્વાસ્થ્ય તથા સમૃદ્ધિ વગેરે માટે પણ હવન કરવામાં આવે છે.

|| ઈદં ન મમ ||


# શાળાની પ્રવૃત્તિઓ

## શાળાના વિદ્યાર્થીઓની ચિત્ર પ્રતિભા






પિતાંક્ષા વી. રાઠોડ
ધોરણ-૪










સુહાની એ. રબારી
ધોરણ-૯



વૈદેહી પી. નાયક
ધોરણ-૯



આશિષ એસ. દેસાઈ
ધોરણ-૬







## તિરંગા યાત્રા













# બી.એસ.એફ. દવારા આપણી શાળામાં શસ્ત્ર પ્રદર્શન અને એમની કાર્યની સમજ































# રાખડી સ્પર્ધા















# જન્માષ્ટમી નિમિતે ચિત્ર



## શાળાકીય જીલ્લા કક્ષાની અંડર-૧૪ ભાઈઓ-બહેનોની સ્કેટીંગ સ્પર્ધા

# સ્વાતંત્ર દિનની ઉજવણી



























